## —: પ્રેસનોટ :—

૧

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૩૧/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬(બમરોલી)માં આવેલ આશાપુરી સોસાયટી વિભાગ–૨ માં પ્લોટ નં.૫૯ના બીજા માળની ટેરેસનું સ્લેબ ચણતર સહિતનના બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૫,૦૦૦/– અને ડિમોલિશન ચાર્જ પેટે રૂા. ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

### <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૩૧/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૩૧.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૨** ફાઈલના **રૂા.૧.૮૧ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૦ લોકેશન (ખાડા) ૭૦૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૨.૪૯૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૨૪૫.૦૦ ચો.મી.**મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૮૯૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન(ઉધના) માં લારીઓનું દબાણ દુર કરી વહીવટી ચાર્જ પેટે **રૂા.૨,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ., સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.૫૬(બમરોલી)માં આવેલ આશાપુરી સોસાયટી વિભાગ–૨ માં પ્લોટ નં.૫૯ના બીજા માળની ટેરેસનું સ્લેબ ચણતર સહિતનના બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ખર્ચ પેટે રૂા.૨૫,૦૦૦/–** અને **ડિમોલીશન ચાર્જ પેટે રૂા. ૨૫,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૪, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ કરવામાં આવેલ.,તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૬ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૮** છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૮૭.૧૨** લાખ થયેલ છે., ૦૯ EC તથા ૦૭ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પે ટે કુલ **રૂા.૧,૮૫૮/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૪૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૩૧** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૪૮.૪૭** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૮૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦,૭૫૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪,૫૭૩** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૦૭** કરવામાં આવેલ છે. જયારે **૩૬** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

"વર્લ્ડ વોટર ડે" નિમિત્તે તા.૩૧/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં જાહેર બાગ–બગીચા, નદી–તળાવ જોગીંગ ટ્રેક વિગેરે સ્થળોએ આવેલ ટોયલેટ બ્લોકનું કલર તથા રીપેરીંગ કામનું અભિયાન.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" નિમિતે તા.૩૧/૦૩/૧૭ નાં રોજ દરેક ઝોનમાં જાહેર બાગ–બગીચા, નદી–તળાવ જોગીંગ ટ્રેક વિગેરે સ્થળોએ આવેલ ટોયલેટ બ્લોકનું કલર તથા રીપેરીંગ કામનું અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૩૧/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગ, NGOની સંયુકત ટીમ બનાવી શહેર નાં દરેક ઝોન વિસ્તારમાં આવેલ જાહેર બાગ–બગીચા, નદી–તળાવ જોગીંગ ટ્રેક વિગેરે સ્થળોએ બનાવવામાં આવેલ ટોયલેટ બ્લોકમાં ઈજનેર વિભાગ ઈજારદાર ધ્વારા ટોયલેટ બ્લોકની અંદર તેમજ બહારનાં ભાગે રંગરોગાન કરાવ્યા બાદ તેમાં જરૂરી રીપેરીંગ કામ કરાવી ટોયલેટ બ્લોકને એસીડ/ફિનાઈલનાં પાણીથી સ્વચ્છ કરાવી જંતુનાશક દવાઓ છંટકાવ કરાવવામાં આવેલ હતો. ત્યારબાદ જોગીંગ ટ્રેકનાં રસ્તાઓ બ્રશ–બુટારાથી સાફસફાઈ સ્ક્રેપીંગ કરાવી કચરો–કચરામીશ્રિત માટીનાં ઢગલાઓ નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| કલર કરાવેલ ટોયલેટ બ્લોકની સંખ્યા | રીપેરીંગ કરાવેલ ટોયલેટ બ્લોકની સંખ્યા | સુપરવાઈઝર | સફાઈ કામદાર | નિકાલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૬૮ | ૧૫ | ૩૫ | ૧૭૫ | ૧.૨૫૦ | ૨૩૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

વિષયઃ– આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી કરવામાં આવેલ ઓપરેશન હેલ્થ કેર ની ઝુંબેશ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૩૧/૦૩/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ લારીઓ/સંસ્થાઓ ચેક કરી,આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા/લારી નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| 1 | શ્રી શંકર વિલાસ ટી હાઉસ | સંત જલારામ સોસા, વેડ રોડ, સુરત |
| 2 | અમદાવાદી નાયલોન ખમણ | ફટાકડાવાડી, વેડ રોડ, સુરત |
| 3 | શ્રીજી રેસ્ટોરેન્ટ | કેશવપાર્ક સોસા, વેડ રોડ, સુરત |
| 4 | શ્રી ખોડલ દાબેલી (લારી) | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 5 | અક્ષર દાબેલી (લારી) | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 6 | જય ગજાનંદ આલુપુરી (લારી) | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 7 | સંજયભાઈ આર યાદવ (જયુસની લારી) | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 8 | ન્યુ ઈશ્વરકૃપા ફરસાણ માર્ટ | સંત જલારામ સોસા, વેડ રોડ, સુરત |
| 9 | સાગર દાબેલી (લારી) | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 10 | પાણીપુરીની લારી | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 11 | શ્રી ગાયત્રી ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 12 | માધવ રેસ્ટોરેન્ટ | પંડોળ શોપીંગ સેન્ટર, વેડ રોડ, સુરત |
| 13 | માધવ પરોઠા એન્ડ ડાઈનીંગ હોલ | પંડોળ શોપીંગ સેન્ટર, વેડ રોડ, સુરત |
| 14 | મહાકાલી ટી સેન્ટર | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |
| 15 | બજરંગ ફરસાણ માર્ટ | પંડોળ ઈન્ડ. એસ્ટેટ, વેડ રોડ, સુરત |

તેમજ આશરે ૦૮ કિલો અખાધ પદાર્થ જેવા કે ચટણી, સોસ, પાણી, બટાકાનો મસાલો, તૈયાર અખાધ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. તથા કુલ–૧૫ નોટીસ આપવામાં આવેલ છે

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તથા શાળા બોર્ડની કચેરીમાં તા.૦૫/૦૪/૨૦૧૭ ને બુધવાર રોજ જાહેર રજા જાહેર કરવામાં આવેલ છે. તેના બદલામાં તા.૦૪/૦૪/૨૦૧૭ ને મંગળવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રાખવામાં આવી છે.

આ રજાના સમય દરમ્યાન ખાસ આવશ્યક સેવાઓ જેવી કે, પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સેનીટેશન વિભાગ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગ જેવા વિભાગોની કામગીરી ચાલુ રહેશે.જયારે અન્ય ખાતા/વિભાગોનુ કામકાજ સંપૂર્ણ બંધ રહેશે.

વધુમાં તા.૦૪/૦૪/૨૦૧૭ ને મંગળવારના રોજ સુરત મહાનગરપાલિકાની તથા શાળા બોર્ડની કચેરી રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

# પ્રેસનોટ

## જાહેર આરોગ્ય–માર્કેટ વિભાગ

### તા.૦૫/૦૪/૨૦૧૭ ને બુધવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૦૦૪/૨૦૧૬, તા.૧૬/૧૨/૨૦૧૬ થી તા.૦૪/૦૪/૨૦૧૭ ને મંગળવાર ના રોજ "શ્રીરામનવમી" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેનાર હતા પરંતુ સંયુકત સચિવશ્રી, સામાન્ય વહીવટી વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા.૦૧/૦૪/૨૦૧૭ ના પત્ર ક્રમાંક નં.ગસ–૨૦૧૬–૫૧–જસર–૧૦૨૦૧૬–૯૭૭–ઘ અને માન.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના તા.૦૧/૦૪/૨૦૧૭ ના પત્ર નં. સી.એમ.એફ./ ૦૧ થી તા.૦૫/૦૪/૨૦૧૭ ના રોજ "શ્રીરામનવમી" ની રજા જાહેર કરેલ હોય સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના તા.૦૪/૦૪/૨૦૧૭ ને બદલે તા.૦૫/૦૪/૨૦૧૭ ના રોજ બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

સમાચારયાદી નં. 0006<br>
તા. ૦૩/૦૪/૨૦૧૭<br>
જનસંપર્ક વિભાગ,<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રે સ નો ટ

વિષયઃ– આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા લિંબાયત ઝોન વિસ્તારમાં આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી કરવામાં આવેલ ઓપરેશન હેલ્થ કેર ની ઝુંબેશ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૦૩/૦૪/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા લિંબાયત ઝોનનાં સેનીટરી સ્ટાફ સાથે નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી કાર્બાઈડવાળી કેરીઓનો નાશ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| 1 | અલીરઝા રાઈન બોમ્બેવાલા | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 2 | સુલ્તાન ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 3 | જલારામ ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 4 | આદિત્ય ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 5 | આર કલ્યાણદાસ એન્ડ સન્સ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 6 | રામજી કલ્યાણદાસ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 7 | કાદરભાઈ કરીમભાઈ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 8 | અંબિકા ફ્રુટસ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 9 | હિન્દુસ્તાન ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 10 | ચાવલા ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 11 | મહાલક્ષ્મી ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 12 | ઝમઝમ ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 13 | બાબુ આઝીદ ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |

| | | |
|---|---|---|
| 14 | મુન્ના ફ્રુટ સેન્ટર | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 15 | પ્રમોદભાઈ ફ્રુટ સેન્ટર | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 16 | અલી ફ્રુટ સેન્ટર | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 17 | કાદરભાઈ ચીકુવાલા | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 18 | બાબુભાઈ ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 19 | એસ ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 20 | મનુકર ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 21 | મહંમદ ફૈયઝવી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 22 | એસ.કે. ફ્રુટ ક્રુ. | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 23 | ખુશાલદાસ મુળજી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 24 | દાદાભાઈ એન્ડ કાું | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 25 | અલનુર ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 26 | મોહંમદ તોસીફ મો. યુસુફ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 27 | મોહમંદ હનીફ હનસમીયા શેખ | દુ.ન. ૭ થી ૮, એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 28 | અમન ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 29 | મોહમંદ હનીફ હનસમીયા શેખ | દુ.ન. ૧૨ થી ૧૩, એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 30 | મોહમંદ અમીન હનસમીયા શેખ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 31 | લાલાભાઈ એન્ડ કાું | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 32 | રાજ ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |

સદર કામગીરી દરમ્યાન આશરે ૧૦૪૦ કિલો કેરી, તરબુચ, સંતરા વિગેરેનો નાશ કરાવેલ છે તેમજ ઝોન ધ્વારા રૂા. ૧૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૦૧/૦૪/૧૭ના રોજ દરેક ઝોનમાં સ્લમ વિસ્તારમાં સ્થાનિક આગેવાનો અને NGO સાથે રાખી સ્વચ્છતાના શપથ લેવડાવવા બાબતનું અભિયાન.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૧/૦૪/૧૭ નાં રોજ દરેક ઝોનમાં સ્લમ વિસ્તારમાં સ્થાનિક આગેવાનો અને NGO સાથે રાખી સ્વચ્છતાના શપથ લેવડાવવા માટેનું અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૦૪/૧૭ના રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમનાં ઝોનમાં આવેલ સ્લમ વિસ્તારોમાં સ્થાનિક મ્યુ.સભયશ્રીઓ, NGO તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમ બનાવી ઝોનમાં આવેલ જુદાં જુદાં સ્લમ વિસ્તારમાં સ્વચ્છ સુરત સ્વસ્થ સુરતનાં વિવિધ બેનરો સાથેની રેલીઓ કાઢી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ રેલીમાં હાજર તમામ સભ્યોને સ્વચ્છતાનાં શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ રેલી દરમ્યાન સ્લમ વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરોમાંથી નીકળતા ભીના/સુકા કચરાનાં નિકાલ માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ અને આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપવવામાં આવ્યું હતું.

| સ્લમ વિસ્તારમાં જનજાગૃતિ માટેની રેલીની સંખ્યા | રેલીમાં ભાગ લીધેલ સભ્યોની સંખ્યા | | | | રેલીમાં ભાગ લીધેલ કુલ સભ્યોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | મ્યુ.સભ્યશ્રી | સુપરવાઈઝર | સફાઈ કામદાર | NGO તથા કાર્યકર્તા | |
| ૧૬ | ૭ | ૨૧ | ૮૮ | ૫૬૧ | ૬૭૭ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# **પ્રેસનોટ**

**વિષય** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૩૧ થી ૦૨–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૫૫ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૪૮૦ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૯૦૭ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી ૨૬૪ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૩સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૭૧ ચેકી કરી જે પૈકી ૫૨ સંસ્થાઓને નોટીસ આપી.દુધની ડેરી– ૧૦૫ ચેકી કરી જે પૈકી ૨૪ સંસ્થાઓને નોટીસ આપી.બરફની ફેકટરી કુલ ૧૦ સંસ્થા ચેક કરી તે પૈકી ૫ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨સંસ્થાને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૪૮ ચેક કરી જે પૈકી ૨૨ સંસ્થાઓને નોટીસ આપી.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૩/૦૪/૧૭ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**વિષય :–જાહેર રસ્તાઓ પર વાહનોના થતા ગેરકાયદેસર પાર્કિંગ દુર કરવા બાબત.**

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના જાહેર રસ્તાઓ પર વાહનોના થતાં ગેરકાયદેસર પાર્કિંગો દુર કરવાની કાર્યવાહી અંતર્ગત સુરત ડુમસ રોડ ને લાગુ ટી.પી.સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૨૯ માં આવેલ વી.આર.મોલમાં પાર્કીગવાળા ભાગમાં કરવામાં આવેલ દબાણ દુર કરી દંડ પેટે રૂા.૧૦૦૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે તેમજ ટી.પી.સ્કીમ નં.૨૮(રૂંઢ–વેસુ), ફા.પ્લોટ નં.૩૧ માં આવેલ સેન્ટ્રલ મોલ ના નામથી ઓળખાતી મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં આશરે ૨૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પ્લાયનું પાર્ટીશન કરી ગોડાઉનનું ડીમોલેશન કરી પાર્કિંગ વાળા ભાગનું દબાણ દુર કરી રૂા.૧૦૦૦૦૦/–દંડ પેટે વસુલ લેવામાં આવેલ છે.આમ આ કામગીરી પેટે કુલ રૂા.૨૦૦૦૦૦/–દંડ પેટે વસુલ લેવામાં આવેલ છે.વધુમાં સદર કામગીરી પ્રતિદિન ચાલુ રાખવામાં આવનાર છે તેમજ ત્યારબાદ પણ જાહેર રસ્તાઓ પર આ પ્રકારના ગેરકાયદેસર પાર્કીગો થતા માલુમ પડશે તો તે અંગે કાયદેસરના પગલા લેવા અંગેની કાયવાહી હાથ ધરવામાં આવશે.

  સદરહુ કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૧૧

# **<u>પ્રેસનોટ</u>**

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ' સ્વચ્છ ભારત મિશન અને પ્રિ–મોન્સુન' કામગીરી સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન પનાસ વોર્ડ અંતર્ગત આવેલ

(૧) ચાઈના ગેટ–ર આર્શીવાદ રેસીડન્સી થી પરસોતમનગર સોસાયટી (બન્ને બાજુ)

(૨) સુધર્મ ન્યુ સીટીલાઈટ રોડથી સોહમ સર્કલ નહેર સુધી(બન્ને બાજુ)

(૩) ઓમ ટેરેસ થી નહેર સુધી (મોડલ રોડ ) (બન્ને બાજુ)

(૪) સુધર્મ EWS આવાસ તથા ચાઈના EWS આવાસ

સફાઈ ઝુંબેશ તા.૦૪/૦૪/૧૭ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૩૩ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૦૦ સફાઈ કામદારો/ બેલદાર, ૩૦ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૦૪ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ૨૪.૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તેમજ લારી–ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ. તેમજ ધનિષ્ઠ સ્ક્રેપીગ/બ્રશીગ તથા સદર સફાઈ ઝુંબેશમાં ૪૭ ઈસમો પાસેથી રૂા. ૧૮,૫૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ. પ્લાસ્ટિક જપ્ત : ૪.૦૦ કિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ. તેમજ ૨૦.૦૦૦ કિ.ગ્રા અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

આકારણી વિભાગ દ્વારા સ્થળ પર જ રૂા. ૩૨,૦૦૦/– વેરા વસૂલાત કરવામાં આવેલ છે. ગુમાસ્તા વિભાગ દ્વારા ૩૦ સંસ્થા પાસે રૂા. ૨૨,૭૦૦/– પ્રો.ટેક્ષ વસુલવામાં આવેલ તેમજ ૧૫ નોટીસ પાઠવવામાં આવેલ છે.

૧૨

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૦૩/૦૪/૧૭ના રોજ દરેક ઝોનમાં સ્લમ વિસ્તારમાં અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા બાબતનું અભિયાન.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૩/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનમાં સ્લમ વિસ્તારમાં અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા માટેનું અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૩/૦૪/૧૭ના રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ તેમનાં ઝોનમાં આવેલ સ્લમ વિસ્તારોમાં સ્થાનિક મ્યુ.સભયશ્રીઓ, NGO, આંગણવાડી સ્ટાફ તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ જુદાં જુદાં સ્લમ વિસ્તારમાં "સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત" તેમજ ખુલ્લામાં શૌચક્રિયા ન કરવા માટેનાં વિવિધ બેનરો સાથેની રેલીઓ કાઢી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. ત્યારબાદ આ રેલીમાં હાજર તમામ સભ્યોને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવેલ હતાં. આ રેલી દરમ્યાન સ્લમ વિસ્તાર તથા તેની આજુબાજુ આવેલ રહેણાંક વિસ્તારમાં વસવાટકર્તાઓનાં ઘરે ઘરે જઈ તેઓનાં ઘરોમાંથી નીકળતો ભીનો/સુકા કચરાનાં નિકાલ અર્થે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટેની સમજ તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

| સ્લમ વિસ્તારમાં જનજાગૃતિ રેલી | સ્લમ વિસ્તારમાં જનજાગૃતિ રેલીમાં ભાગ લેનાર | | | |
|---|---|---|---|---|
| | મ્યુ.સભ્યશ્રી/પદાધિકારી/ અધિકારી | સુપરવાઈઝર/ આંગણવાડી સ્ટાફ | સફાઈ કામદાર | NGO તથા કાર્યકર્તા |
| ૧૧ | ૩૬ | ૧૧૨ | ૧૨૬ | ૩૨૪ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૩

# પ્રે સ નો ટ

વિષયઃ– આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા લિંબાયત ઝોન વિસ્તારમાં આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી કરવામાં આવેલ ઓપરેશન હેલ્થ કેર ની ઝુંબેશ

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૦૩/૦૪/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો તથા લિંબાયત ઝોનનાં સેનીટરી સ્ટાફ સાથે નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી કાર્બાઈડવાળી કેરીઓનો નાશ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| 1 | અલીરઝા રાઈન બોમ્બેવાલા | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 2 | સુલ્તાન ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 3 | જલારામ ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 4 | આદિત્ય ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 5 | આર કલ્યાણદાસ એન્ડ સન્સ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 6 | રામજી કલ્યાણદાસ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 7 | કાદરભાઈ કરીમભાઈ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 8 | અંબિકા ફ્રુટસ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 9 | હિન્દુસ્તાન ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 10 | ચાવલા ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 11 | મહાલક્ષ્મી ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 12 | ઝમઝમ ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 13 | બાબુ આઝીદ ફ્રુટ એજન્સી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |

| | | |
|---|---|---|
| 14 | મુન્ના ફ્રુટ સેન્ટર | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 15 | પ્રમોદભાઈ ફ્રુટ સેન્ટર | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 16 | અલી ફ્રુટ સેન્ટર | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 17 | કાદરભાઈ ચીકુવાલા | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 18 | બાબુભાઈ ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 19 | એસ ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 20 | મનુકર ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 21 | મહંમદ ફૈયઝવી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 22 | એસ.કે. ફ્રુટ ક્રુ. | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 23 | ખુશાલદાસ મુળજી | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 24 | દાદાભાઈ એન્ડ કાું | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 25 | અલનુર ફ્રુટ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 26 | મોહંમદ તોસીફ મો. યુસુફ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 27 | મોહમંદ હનીફ હનસમીયા શેખ | દુ.ન. ૭ થી ૮, એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 28 | અમન ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 29 | મોહમંદ હનીફ હનસમીયા શેખ | દુ.ન. ૧૨ થી ૧૩, એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 30 | મોહમંદ અમીન હનસમીયા શેખ | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 31 | લાલાભાઈ એન્ડ કાું | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |
| 32 | રાજ ફ્રુટ કંપની | એમ.જે. ફ્રુટ માર્કેટ, સરદાર માર્કેટ પાસે, પુણા કુંભારીયા, સુરત |

સદર કામગીરી દરમ્યાન આશરે ૧૦૪૦ કિલો કેરી, તરબુચ, સંતરા વિગેરે તથા ૩૦ કિલો કાર્બાઈડનો નાશ કરાવેલ છે તેમજ ઝોન ધ્વારા રૂા. ૧૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

# પ્રે સ નો ટ

વિષયઃ– આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી કરવામાં આવેલ ઓપરેશન હેલ્થ કેરની ઝુંબેશ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૦૩/૦૪/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ લારીઓ/સંસ્થાઓ ચેક કરી,આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થા/લારી નું નામ | સંસ્થા/લારી નું સરનામુ |
|---|---|---|
| ૧ | રીચીરીચ–પાણીપુરી–એકસં | વનિતા વિશ્રામ શાળાની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૨ | ચોપાટી જયુસ સેન્ટર | વનિતા વિશ્રામ શાળાની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૩ | શીવ ફાસ્ટ ફુડ (લારી) | મીશન હોસ્પીટલની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૪ | મધુરમ કોલ્ડીક્સ (લારી) | સેવન્ડે હોસ્પીટલ કંપાઉન્ડ, અઠવાગેટ, સુરત |
| ૫ | હસ્તી સેન્ડવીચ (લારી) | સેવન્ડે હોસ્પીટલ કંપાઉન્ડ, અઠવાગેટ, સુરત |
| ૬ | બેંગ્લોર કોલ્ડીક્સ એન્ડ જયુસ સેન્ટર (લારી) | એમટીબી કોલેજની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૭ | આદર્શ ફ્રેશ જયુસ (લારી) | એમટીબી કોલેજની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૮ | સાંઈ આમલેટ સેન્ટર (લારી) | એમટીબી કોલેજની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૯ | ઓમ ચાઈનીઝ (લારી) | એમટીબી કોલેજની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૧૦ | આશિર્વાદ આમલેટ સેન્ટર | એમટીબી કોલેજની બાજુમાં, અઠવાગેટ, સુરત |
| ૧૧ | મેવાં મેંગી (લારી) | સ્કેટ કોલેજ પાસે, અઠવાગેટ, સુરત |
| ૧૨ | રાજુ મેંગી (લારી) | સ્કેટ કોલેજ પાસે, અઠવાગેટ, સુરત |
| ૧૩ | મહેશ પાંઉભાજી | મીશન હોસ્પીટલની શોપીંગ સેન્ટર, અઠવાગેટ, સુરત |
| ૧૪ | લીકપુસીન ફાસ્ટ ફુડ એન્ડ આઈસ્ક્રીમ | ધીરજ સન્સની સામે, અઠવાગેટ, સુરત |
| ૧૫ | એન.જે. આઈસ્ક્રીમ | મીશન હોસ્પીટલની શોપીંગ સેન્ટર, અઠવાગેટ, સુરત |
| ૧૬ | પીંક પોઈન્ટ | મીશન હોસ્પીટલની શોપીંગ સેન્ટર, અઠવાગેટ, સુરત |
| ૧૭ | કૈલાશ સ્વીટ માર્ટ | મીશન હોસ્પીટલની શોપીંગ સેન્ટર, અઠવાગેટ, સુરત |

તેમજ આશરે ૧૧ કિલો અખાધ પદાર્થ જેવા કે ચટણી, સોસ, પાણી, બટાકાનો મસાલો, બરફ, તૈયાર અખાધ્ય ખોરાક વિગેરેનો નાશ કરાવેલ છે. તેમજ ડિસ્પોઝલ ડીશ, ગ્લાસ, ચમચીનો ઉપયોગ કરવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. તથા કુલ–૧૭ નોટીસ આપવામાં આવેલ છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં......0..0..1..4..
તા.૦૪/૦૪/૨૦૧૭

૧૫

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૦૪/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં આવેલ તમામ પે એન્ડ યુઝ ટોયલેટમાં સફાઈ અને મરામત કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૩/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં આવેલ તમામ પે એન્ડ યુઝ ટોયલેટમાં સફાઈ અને મરામત કરવા બાબતનું અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૪/૧૭ના રોજ દરેક ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય/ઈજનેર વિભાગ તથા ઈજારદારશ્રીનાં સ્ટાફની સંયુકત ટીમો બનાવી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની ખામીઓ ઈજનેર વિભાગ/ઈજારદારનાં સ્ટાફ મારફતે રીપેરીંગ/મરામત કરાવ્યા બાદ આરોગ્ય/ઈજારદારશ્રીનાં કામદારો મારફતે ટોયલેટ બ્લોક એસીડ/ફિનાઈલમાં પાણીથી સ્વચ્છ કરાવી જંતુનાશક દવા, પાઉડરનો છંટકાવ કરી દરેક બ્લોકમાં ડામરની ગોળી/એર ફ્રેશનર રાખવામાં આવેલ હતા. તેમજ ટોયલેટની આજુબાજુનાં વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

| પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક સફાઈ/મરામત | પે એન્ડ યુઝનાં સફાઈ અભિયાનમાં ભાગ લેનાર | | | | |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | સફાઈ કામદાર | ઈજારદારનાં કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
| ૬૮ | ૩૬ | ૧૪૬ | ૬૮ | ૧.૭૩૨ | ૬૪૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
## પ્રેસનોટ

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૦૬/૦૪/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત**

(૧) ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત), ફા.પ્લોટ નં.૪/બી માં આવેલ મદનપુરા સોસાયટીના સબપ્લોટ નં.–૨૫૨ માં હયાત બાંધકામમાં ગ્રાઉન્ડ ફ્લોર પરના દુકાનો બનાવવાની કામગીરી ચાલુ હોય આજ રોજ સદર બાંધકામ દુર કરી આશરે ૫૫૦ ચો.ફુટ જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કામગીરી કરવામાં આવેલ છે.

૧૭

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૦૫/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૫/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ બાબતનું અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૫/૦૪/૧૭નાં રોજ દરેક ઝોન વિસ્તારમાં આવેલ સ્લમ વિસ્તારોમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ આરોગ્ય સ્ટાફ તથા નગરજનોની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ સ્લમ વિસ્તારોમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરાવી કચરો–કચરામિશ્રીત માટીનાં ઢગલાં ઉપાડી જંતુનાશક પાઉડર/દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો

| સ્લમ વિસ્તારની સંખ્યા | સ્લમ વિસ્તારનાં અભિયાનમાં ભાગ લેનાર | | | | |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | સફાઈ કામદાર | પ્રજાજનોની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
| ૪૩ | ૬૭ | ૩૧૦ | ૪૨ | ૧૨૦૦ | ૧૧૦૦ |

વધુમાં આ સંયુકત ટીમ ધ્વારા સ્લમ વિસ્તારમાં વસવાટકર્તાઓને તેઓનાં ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રિત કરવા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"આંબેડકર જયંતી" નિમિત્તે તા.૦૬/૦૪/૧૭ના રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં તમામ સ્ટ્રોમ વોટર ઈનલેટ ચેમ્બર, ડ્રેનેજ લાઈન/મેઈન હોલ ડીસીલટીંગ સફાઈની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૦૬/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં સ્લમ વિસ્તારમાં તમામ સ્ટાર્મ વોટર ઈનલેટ ચેમ્બર, ડ્રેનેજ લાઈન/મેઈન હોલ ડીસીલટીંગ સફાઈની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬/૦૪/૧૭ના રોજ દરેક ઝોન વિસ્તારમાં આરોગ્ય/ઈજનેર વિભાગનાં સ્ટાફની સંયુકત ટીમો બનાવી ઈજનેર વિભાગ/ઈજારદારનાં સ્ટાફ મારફતે ઝોનમાં આવેલ સ્લમ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ઈનલેટ ચેમ્બર ડ્રેનેજ લાઈન તેમજ મેઈન હોલમાંથી માટી–કચરો–રેતી (ડીસીલટીંગ) સફાઈ તેમજ રીપેરીંગ કામગીરી કરાવી ડ્રેનેજ/સ્ટ્રોમ લાઈનો ચાલુ કરાવવામાં આવેલ હતી. ત્યારબાદ આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા મેઈન હોલ/ઈનલેટ ચેમ્બર તથા સ્ટ્રોમનાં જાળીયાની આજુબાજુ પડેલ કાદવ–કીચડ કચરાનાં ઢગલાઓ ભરાવ્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવની કામગીરીઓ કરાવવામાં આવેલ હતી.

| સ્લમ વિસ્તારનાં સ્ટ્રોમમાં ચેમ્બર/જાળીયા/મેઈન હોલ સફાઈની સંખ્યા | સ્ટ્રોમ વોટર ઈનલેટ ચેમ્બર, ડ્રેનેજ લાઈન/મેઈન હોલ ડીસીલટીંગ અભિયાનમાં ભાગ લેનાર | | | | |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | ઈજનેર/આરોગ્ય કામદાર | ઈજારદારનાં કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
| ૨૧૦ + ૮૫ | ૩૨ | ૮૫ | ૧૭૦ | ૧.૮૭૫ | ૪૨૫ |

વધુમાં આ સંયુકત ટીમ ધ્વારા સ્લમ વિસ્તારમાં વસવાટકર્તાઓને તેઓનાં ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રિત કરવા માટે અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

વિષયઃ– આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા આગામી ઉનાળાની સીઝનને ધ્યાન રાખી કરવામાં આવેલ

ઓપરેશન હેલ્થ કેરની ઝુંબેશ

સવિનય,ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૦૪/૦૪/૨૦૧૭ તથા તા.૦૬/૦૪/૨૦૧૭નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ આઈસ ફેકટરીઓમાં તપાસ કરી પાણીના નમુના લેવામાં આવેલ છે

| અ.નં. | તારીખ | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | શામાંથી લીધેલ ? |
|---|---|---|---|---|
| ૧. | ૦૪/૦૪/૨૦૧૭ | પુજા આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૧, પટેલ નગર ઈન્ડ. એસ્ટેટ, એ.કે. રોડ, સુરત | ટાંકીમાંથી |
| ૨. | ૦૪/૦૪/૨૦૧૭ | પુજા આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૧, પટેલ નગર ઈન્ડ. એસ્ટેટ, એ.કે. રોડ, સુરત | આઈસ કેનમાંથી |
| ૩. | ૦૪/૦૪/૨૦૧૭ | કિષ્ણા આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૨, મંગલવાડી, કાપોદ્રા, વરાછા રોડ, સુરત | ટાંકી માંથી |
| ૪. | ૦૪/૦૪/૨૦૧૭ | કિષ્ણા આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૨, મંગલવાડી, કાપોદ્રા, વરાછા રોડ, સુરત | આઈસ કેન માંથી |
| ૫. | ૦૪/૦૪/૨૦૧૭ | અંબિકા આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૨૩/એ,બી, કમલ પાર્ક સોસા., કાપોદ્રા, વરાછા રોડ, સુરત | ટાંકી માંથી |
| ૬. | ૦૪/૦૪/૨૦૧૭ | અંબિકા આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૨૩/એ,બી, કમલ પાર્ક સોસા., કાપોદ્રા, વરાછા રોડ, સુરત | આઈસ કેન માંથી |
| ૭. | ૦૪/૦૪/૨૦૧૭ | પટેલ આઈસ એન્ડ કોલ્ડસ્ટોરેજ | ૨૧બી, ૫૨/૫૩ પૈકી, માતાવાડી, કરંજ, એલ.એચ. રોડ, સુરત | ટાંકી માંથી |
| ૮. | ૦૪/૦૪/૨૦૧૭ | પટેલ આઈસ એન્ડ કોલ્ડસ્ટોરેજ | ૨૧બી, ૫૨/૫૩ પૈકી, માતાવાડી, કરંજ, એલ.એચ. રોડ, સુરત | આઈસ કેન માંથી |
| ૯. | ૦૪/૦૪/૨૦૧૭ | બદ્રીનાથ આઈસ ફેકટરી | પ્લોટ નં.–૨૫૨, ગોવિંદનગર, લિંબાયત,સુરત | ટાંકી માંથી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | ૦૪/૦૪/૨૦૧૭ | શિતલ આઈસ ફેકટરી | પ્લોટ નં.–૨૦૪, જય નારાયણનગર, લિંબાયત,સુરત | ટાંકી માંથી |
| ૧૧. | ૦૪/૦૪/૨૦૧૭ | સરસ્વતી આઈસ ફેકટરી | પ્લોટ નં.–૧૨, શિવ ઈન્ડ., ગુ.હા. બોર્ડ મેઈન રોડ, સુરત | આઈસ કેન માંથી |
| ૧૨. | ૦૪/૦૪/૨૦૧૭ | ચામુંડા આઈસ ફકટરી | પ્લોટ નં.–૨૭,૨૮, લક્ષ્મી ઈન્ડ., બીઆરસીની સામે, સુરત | આઈસ કેન માંથી |
| ૧૩. | ૦૪/૦૪/૨૦૧૭ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ | સી/૧/૧૦૪, પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | આઈસ કેન માંથી |
| ૧૪. | ૦૪/૦૪/૨૦૧૭ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ | સી/૧/૧૦૪, પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | ટાંકી માંથી |
| ૧૫. | ૦૪/૦૪/૨૦૧૭ | આશાપુરી આઈસ ફેકટરી | ૨૪૭/૨૧, પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | આઈસ કેન માંથી |
| ૧૬. | ૦૪/૦૪/૨૦૧૭ | આશાપુરી આઈસ ફેકટરી | ૨૪૭/૨૧, પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | ટાંકી માંથી |
| ૧૭. | ૦૪/૦૪/૨૦૧૭ | શ્યામ આઈસ ફેકટરી | ૨૯૪/૭, પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | આઈસ કેન માંથી |
| ૧૮. | ૦૪/૦૪/૨૦૧૭ | શ્યામ આઈસ ફેકટરી | ૨૯૪/૭, પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | ટાંકી માંથી |
| ૧૯. | ૦૪/૦૪/૨૦૧૭ | શાલીમાર ઈન્ડસ્ટ્રીઝ | ૫૬,પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | આઈસ કેન માંથી |
| ૨૦. | ૦૪/૦૪/૨૦૧૭ | શાલીમાર ઈન્ડસ્ટ્રીઝ | ૫૬,પાંડેસરા જી.આઈ.ડી.સી., સુરત | ટાંકી માંથી |

# **પ્રેસ નોટ**

ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા. ૨૬ માર્ચ ૨૦૧૭ના રોજ ભારત દેશનું પ્રથમ સ્કાય વોચર કંપનીના રીફ્રેકટર ટેલિસ્કોપનું લોકાર્પણ કરેલ છે, જેનું નિદર્શન તા. ૦૮ અને ૦૯ એપ્રિલ ૨૦૧૭ ના રોજ રાત્રે ૮:૦૦ થી ૯:૩૦ કલાક સુધી સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવનાર છે.

સૂર્ય મંડળમાં સૂર્યથી પાંચમાં સ્થાને આવેલ ગુરૂ ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે એપ્રિલ માસમાં પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં આવશે, જેથી સૂર્યાસ્ત થતાની સાથેજ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાશે. વળી આ સમય દરમ્યાન તે પૃથ્વીથી સરેરાશ અંતર કરતાં સૌથી વધુ નજીક હોવાથી વધુ તેજસ્વી જોઈ શકાશે. એપ્રિલ માસ દરમ્યાન ગુરૂ ગ્રહને સરસ રીતે નિહાળી શકાતો હોવાથી ઉપરોકત ટેલીસ્કોપ દ્વારા સાયન્સ સેન્ટર ખાતે જાહેર જનતાને બતાવવામાં આવનાર હોય જેનો લાભ લેવા વિનંતી.



# સુરત મહાનગરપાલિકાનાં સુવર્ણ જયંતિ વર્ષમાં સુરત મહાનગરપાલિકાના મહિલા કર્મચારીએ રાષ્ટ્રીય સ્તરે સુવર્ણ ચંદ્રકોની ઝોળી ભરી

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન(ઉધના)માં ફરજ બજવતાં શ્રીમતી સ્મૃતિ ડેનિયલ પટેલે અલ્હાબાદ(યુ.પી.) ખાતે રમાયેલ ૩૮મી નેશનલ માસ્ટર એથ્લેટીક ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્પર્ધામાં ૫૫ વર્ષથી વધુ ઉંમરના વિમેન્સ ગ્રુપમાં (૧) ૩૦૦ મીટર હર્ડલ્સમાં **પ્રથમક્રમ** તેમજ (૨) ૫૦૦૦ મીટર દોડમાં પણ **પ્રથમ ક્રમ** મેળવી **ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કરેલ છે.

વધુમાં તેઓ અલગ અલગ સ્થળે યોજાતી મેરેથોન દોડમાં પણ છેલ્લા ૩૨ વર્ષથી ભાગ લેતા આવ્યા છે અને તેમાં પણ તેઓએ પ્રથમ ક્રમે આવીને ટ્રોફી તેમજ ગોલ્ડ મેડલો મેળવ્યા છે. તેઓની આ સિધ્ધિને સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીએ અને વિભાગીય વડાશ્રીઓએ બિરદાવી અભિનંદન પાઠવેલ છે.



# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૦૩ થી ૦૬–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૭૧ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૮૮૩ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૮૧૬ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૨૫૪ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૧સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૯૯ ચેકી કરી જે પૈકી ૬૬ સંસ્થાઓને નોટીસ આપીતથા ૨ સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૨૪ ચેકી કરી જે પૈકી ૨૬ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧ સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૧૦ સંસ્થા ચેક કરી તે પૈકી ૭ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧સંસ્થાને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૮૫ ચેક કરી જે પૈકી ૨૯ સંસ્થાઓને નોટીસ આપીતથા ૪સંસ્થાઓને બંધ કરાવેલ હતી.

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ** |

**<u>વિષયઃ માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૩૧/૦૩/૨૦૧૭ થી તા.૦૬/૦૪/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી</u>**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૩૧/૦૩/૨૦૧૭ થી તા.૦૬/૦૪/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૪,૪૬૧/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૪૯,૫૨૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૩.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૪૧.૮૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૫૮ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૬૪,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અનેપશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખળતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ –૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ –૦૬ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ .

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૨,૯૧૪ અને ૫,૧૦૬ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૭૫,૩૯૦/– અને રૂા.૨,૦૮,૬૦૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૮૩,૯૯૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ  નં.૦૪, નોંધ નં.૪૮૪૯, ૪૮૫૦ તૈયબી મહોલ્લો, ઝાંપાબજાર વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા કોઈ પણ જાતની મંજુરી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ એન્ટ્રી નોટીસ આપી આશરે ૧૫૦ ચો.ફુટ સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

વધુમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ અન્ય એક મિલ્કત વોર્ડ  નં.૦૭, નોંધ નં.૩૩૬૧, ૩૩૬૨ રામપુરા વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર થયેલ ગ્રાઉન્ડ ફલોર + એક થી પાંચ માંળની ઉપર અડધા ભાગમાં છઠ્ઠા માળનું આર.સી.સી સ્લેબનું ૪૦૦ ચો.ફુટ બાંધકામ આજે તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ મિલ્કતદાર પાસે સ્વૈચ્છિક દુર કરાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે બી.આર.ટી.એસ. તેમજ સીટીબસની સેવા જાહેર જનતા માટે શરૂ કરવામાં આવેલ જેમાં બી.આર.ટી.એસ. અંતર્ગત કુલ ૯ કોરિડોરમાં કુલ ૧૦૯ બસો તેમજ સીટીબસ અંતર્ગત ૨૧ સીટીબસ રૂટમાં કુલ ૧૮૪ સીટીબસો કાર્યરત કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. સેવા કુલ ૧૦૨ કી.મી. તથા સીટીબસ સેવા કુલ ૨૬૦ કી.મી. શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ છે.

હાલમાં બી.આર.ટી.એસ. બસોમાં શહેરના તમામ કોરિડોર ઉપર બસની ફ્રિક્વન્સી વધારવામાં આવેલ છે તેમજ સીટીબસ રૂટોમાં પણ નવી બસો ઉમેરવામાં આવેલ છે જે અંતર્ગત દરેક રૂટ ઉપર બસની ફ્રિક્વન્સી પણ વધારવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. તેમજ સીટીબસોના રૂટોને કનેક્ટીવીટી મળતા પેસેન્જરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. અત્રે નોંધનીય બાબત એ છે કે તા. ૦૬/૦૪/૨૦૧૭ ના રોજ બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને કુલ ૭૩,૧૬૮ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૨૧ રૂટ મળીને કુલ ૩૪,૧૧૪ પેસેન્જરો મળી કુલ ૧,૦૭,૨૮૨ જેટલા નાગરિકોએ જાહેરપરિવહન સેવાનો લાભ લીધેલ છે આમ, સૌપ્રથમવાર શહેરના ૧(એક) લાખથી વધુ નાગરિકોએ બસોમાં મુસાફરી કરેલ છે.

જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરની બી.આર.ટી.એસ. બસ તેમજ સીટીબસ સેવાનો ઉપયોગ શહેરની પ્રજા કરી રહી છે જેમાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ બી.આર.ટી.એસ. અને સીટી બસ સેવાથી આરામદાયક, સુરક્ષિત અને સલામત મુસાફરી કરી શકાય છે. જો શહેરના લોકો જાહેરપરિવહન સેવાનો ઉપયોગ કરતા થશે તો શહેરમાં ટ્રાફિકની સમસ્યામાં પણ ઘટાડો થશે તેમજ શહેરના પ્રદુષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. સુરત મહાનગરપાલિકા અંતર્ગત શરૂ કરવામાં આવેલ જાહેરપરિવહનનો ઉપયોગ વધુમાં વધુ નાગરિકો કરી શહેરના ટ્રાફિક અને પ્રદુષણમાં ઘટાડો કરવા મદદરૂપ થવા અપીલ કરવામાં આવે છે.